શ્રીમતી પી.ડી.ડામોરના કેસમાં નામ. ટ્રીબ્યુનલના ચુકાદાનો અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
હુકમ ક્રમાંકઃ આઈસીડી/૧૦૨૦૧૪/૧૫૬૬/બ-૧
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૧/૨૦૨૦.

વંચાણે લીધા:

1. નામદાર ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ ગાંધીનગર સમક્ષ અપીલ ક્રમાંક:૧૬૭/૨૦૦૯ નાં કેસમાં થયેલ સુનવણી અન્વયે આપેલ ૨૦/૧૨/૨૦૧૭ નાં રોજનો ચૂકાદો.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૧૫૬૬/બ, તા: ૨૨/૧૨/૨૦૧૪.
3. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ, તા: ૧૬/૮/૧૯૯૪.
4. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/ ૧૦૨૦૦૭/ ૬૧૫/ મ, તા: ૨/૭/૨૦૦૭.
5. નાણા વિભાગની ઉચ્ચતર પગાર ધોરણ અંગેની સ્પષ્ટતા અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૩/૩૬/મ, તા: ૧૬/૧૦/૧૯૯૩.

પૂર્વભૂમિકાઃ

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠાના તા.૮/૮/૨૦૦૧ ના આદેશથી શ્રીમતી પી.ડી.ડામોરને મુખ્યસેવિકાની સેવામાં ૯ વર્ષ પૂર્ણ થયેથી રૂ.૨૦૦૦-૩૫૦૦ ના પગારધોરણમાં પ્રથમ ઉ.પ.ધો. રીવાઈઝ કરવામાં આવેલ હતું.

(૨) ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સાબરકાંઠાના તા.૯/૧૨/૨૦૦૮ ના આદેશથી મુખ્યસેવિકાના નવ વર્ષ પૂર્ણ થયા તારીખને બદલે ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી રૂ.૬૫૦૦-૧૦૫૦૦ (૨૦૦૦-૩૫૦૦) ના પગારધોરણમાં પ્રથમ ઉચ્ચતર પગારધોરણ આપવામાં આવેલ હતું.

(૩) આથી શ્રીમતી ડામોર દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સાબરકાંઠાના તા.૯/૧૨/૨૦૦૮ ના આદેશ સામે ટ્રીબ્યુનલમાં અપીલ કરેલ હતી અને નામ. ટ્રીબ્યુનલે *"નોકરીમાં દાખલ થયાની તારીખથી ૯ વર્ષ પૂર્ણ કર્યાની તારીખથી મંજુર કરવામાં આવેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ચાલુ રાખવામાં આવે છે. પ્રતિવિવાદી નં. ૧ નો તા. ૦૯/૧૨/૨૦૦૮ નો હુકમ રદ કરવામાં આવે છે."* એવો ચૂકાદો આપેલ હતો.

(૪) પરંતુ મહિલા અને બાળ વિભાગના તા.૨૨/૧૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: આઈસીડી/ ૧૦૨૦૧૪/૧૫૬૬/બ થી ક્રમ:૨૫ પર શ્રીમતી પી.ડી.ડામોરને મુખ્યસેવિકાની સેવાના ૯ વર્ષે પૂર્ણ થયેથી આમુખ (૩) ની અનુસૂચિ મુજબ નિયમાનુસાર મળવાપાત્ર પ્રથમ ઉ.પ.ધો. રૂ.૧૬૪૦-૨૯૦૦ મંજુર કરેલ છે. આ હકીકત નામ. ટ્રીબ્યુનલના ધ્યાને મુકવામાં આવેલ ન હતી. આથી આ હકીકત ધ્યાને લઈને આ કેસની પુન:વિચારના કરવાની થાય.

(૫) આમ, નામ. ટ્રીબ્યુનલના ચુકાદા અન્વયે શ્રીમતી પી.ડી. ડામોરના કેસની પુન:વિચારણા કરવામાં આવી. તેઓને મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે સરકારશ્રીની ઉચ્ચતર પગાર ધોરણ અંગેની નીતિ અને સરકારશ્રીના ઠરાવો ધ્યાને લેતાં હકિકતો નીચે મુજબ છે:

સરકારશ્રી દ્વારા તા.૫/૭/૧૯૯૧ ના ઠરાવથી તા. ૧/૬/૧૯૮૭ ના રોજ પાછલી અસરથી અમલમાં આવે તે રીતે ઉચ્ચતર પગાર ધોરણ યોજના પ્રથમ વાર અમલમાં મૂકવામાં આવેલ હતી. આ ઠરાવની જોગવાઇ ક્રમાંકઃ ૩, ૫ અને ૭ મુજબ, જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે." એટલે કે, બે પ્રકારના કેસોમાં અનુસૂચિ-૧ મુજબનુ પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર કરવાનું રહે છે.

તા.૫/૭/૧૯૯૧ નો ઠરાવ મૂળભૂત રીતે રદ કરીને તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં મૂકવામાં આવેલ હતું. તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ ક્રમાંકઃ ૩(૩) મુજબ પણ; જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિઃ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે."

(૬) બાળ વિકાસ યોજના અધિકારીના તા. ૬/૧૦/૮૩ ના ભરતી નિયમો મુજબ બાળ વિકાસ યોજના અધિકારીની પૂરક જગ્યામાં જુદાં જુદાં ધોરણવાળી ચાર જગ્યાઓ છે. જેમાં સોશીયલ વર્કર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), બ્લોક/ ડીસ્ટ્રીક્ટ એક્સટેન્શન એજ્યુકેટર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), પબ્લિક હેલ્થ નર્સ (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) અને મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) નો સમાવેશ થાય છે.

તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની ઉકત જોગવાઇને ધ્યાને લેતાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦) ને તેની બઢતીની જગ્યા ઉપલબ્ધ હોવા છતાં; પણ નિયમો મુજબ અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.

વિભાગે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ના તા.૧૫/૧૨/૧૯૮૯ થી ભરતી નિયમો પ્રસિધ્ધ કરેલ હતા; આ ભરતી નિયમોની જોગવાઇ મુજબ પૂરક જગ્યા તરીકે માત્ર મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) સંવર્ગ જ રાખવામાં આવેલ હતો.

સદર ૧૯૮૯ના ભરતી નિયમોને આધારે પૂરક જગ્યા માત્ર એક જ છે તેમ ગણીને બઢતીનુ પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ મંજૂર કરવામાં આવે તો આ ભરતી નિયમો પ્રસિધ્ધ થયા પહેલાના કેસો કે જેમાં અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર થયેલ છે કે કરવાના છે તેવા સિનિયર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણમાં વિસંગતતા ઉભી થાય. આવી વિસંગતતાઓ ઉભી ના થાય તે માટે નાણા વિભાગના તા.૧૬/૧૦/૧૯૯૩ ના ઠરાવથી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલી છે. આ ઠરાવની સ્પષ્ટતા ક્રમાંકઃ ૧૮ માં એ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે, જે કેસોમાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હતું તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૧૯૮૭ પછી અમલમાં આવી હોય તો પણ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ જ મળવાપાત્ર રહેશે.

નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ ક્રમાંક ૩(૮) માં અને ત્યારબાદ; તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવથી અમલમાં આવેલ યોજનાની જોગવાઇ ક્રમાંકઃ ૨(૧૭) માં પણ જે કેસોમાં અનુસૂચિ-૧ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે તેવા કેસો માટે આ જોગવાઇ વધુ સ્પષ્ટતા સાથે ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપર મુજબની હકિકતે શ્રીમતી પી.ડી.ડામોરને રૂા.૧૬૪૦-૨૯૦૦ નું ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર છે જે તેઓને આમુખ (૨) ના ઠરાવથી મંજુર કરવામાં આવેલ છે.

(૭) શ્રીમતી પી.ડી.ડામોરના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે નામ. ટ્રીબ્યુનલના ચુકાદા અન્વયે પુનઃવિચારણા કરતાં આમુખ (૨) થી નિયમાનુસાર મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ કે જે મુખ્યસેવિકાની સેવાના ૯ વર્ષે મંજુર કરવામાં આવેલ છે એ યથાવત રાખવામાં આવે છે.

// હુ ક મ //

ઉપર જણાવ્યા મુજબની હકિકતલક્ષી વિગતો ધ્યાને લેતાં શ્રીમતી પી.ડી.ડામોરને મુખ્યસેવિકાની સેવામાં ૯ વર્ષ પૂર્ણ થયેથી મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (રૂા.૧૬૪૦-૨૯૦૦) માં કોઇપણ ફેરબદલ ન કરતાં આમુખ (૨) યથાવત રાખવામાં આવે છે અને જિલ્લા વિકાસ અધિકારી, સાબરકાંઠાનો તા. ૦૯/૧૨/૨૦૦૮ નો આદેશ ક્રમાંક: ડીપી/આઈસીડીએસ/૧૨૨૪ સને૨૦૦૮ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ.

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી, (આઇસીડીએસ) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં. ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. સેક્શન અધિકારીશ્રી, મ-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી......................
6. જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી,(આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી..............
7. જિલ્લા તિજોરી અધિકારીશ્રી ....................
8. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / ગાંધીનગર.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
10. શ્રીમતી પી.ડી.ડામોર ................
11. નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
12. શાખા સિલેક્ટ ફાઇલ.